**સુરતની બીજી ઔદ્યોગિક ન્યાયપંચના પ્રમુખ અધિકારીશ્રી ડી.જે. ચૌહાણ સમક્ષ, મુ.સુરત.**

**રેફરન્સ (આઈ.ટી.) નં.૨૩/૨૦૨૦**

**પ્રથમ પક્ષકાર :–(૧) અધિક્ષક ઈજનેરશ્રી,**
**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ,**
'જલ ભવન', અડાજણ પાણીની ટાંકી,
અડાજણ રોડ, સુરત.

**(૨) કાર્યપાલક ઈજનેરશ્રી,**
**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ,**
બંગલા–નં.૩, પ્રસુન પાર્ક સોસાયટી,
તા. વ્યારા, જી. તાપી.

**(૩) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,**
**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,**
જાહેર આરોગ્ય સુખાકારી પેટા વિભાગ વ્યારા,
જુની પંચાયત ઓફીસ, પોલીસ સ્ટેશનની બાજુમાં,
તા. વ્યારા, જી.તાપી.

**(૪) શ્રી ઈનેશભાઈ અશોકભાઈ ચૌધરી,**
**લેબર કોન્ટ્રાક્ટરશ્રી દિનેશભાઈ ચૌધરી,**
**કે/ઓ. નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,**
**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,**
જાહેર આરોગ્ય સુખાકારી પેટા વિભાગ વ્યારા,
જુની પંચાયત ઓફીસ, પોલીસ સ્ટેશનની બાજુમાં,
તા. વ્યારા, જી.તાપી.

**(૫) શ્રી અભિષેક ચેરીટેબલ ટ્રસ્ટ–વ્યારા,**
**લેબર કોન્ટ્રાક્ટરશ્રી રાજુભાઈ રાણા,**
**કે/ઓ. નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,**
**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,**
જાહેર આરોગ્ય સુખાકારી પેટા વિભાગ વ્યારા,
જુની પંચાયત ઓફીસ, પોલીસ સ્ટેશનની બાજુમાં,
તા. વ્યારા, જી.તાપી.

**(૬) શ્રી દિનેશભાઈ એન. પટેલ તે**
**ઓલ વેલ પ્રોજેકટના સંચાલક તે**
**નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,**
**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,**
**જાહેર આરોગ્ય સુખાકારી પેટા વિભાગ,**
**વ્યારાના લેબર કોન્ટ્રાકટર,**
હેડ ઓફીસ–૧૦૨, નીલકંઠ સ્કવેર,
વિશાક ફર્નીચર પાસે, ભકતી નગર સર્કલ,
સનાળા રોડ, મોરબી, ગુજરાત.

**વિરુધ્ધ**

**બીજા પક્ષકાર :– ગુજરાત લેબર યુનિયન,**
૧૧૧, ડો. આંબેડકર શોપીંગ સેન્ટર,
માન દરવાજા, રીંગરોડ, સુરત.

**હાજર રહયા:–**
**પ્રથમ પક્ષકાર નં. ૧ થી ૩ તરફે :** વિ. વકીલશ્રી સી. જે. બારોટ.
**પ્રથમ પક્ષકાર નં. ૪ થી ૬ તરફે :** ગેરહાજર.
**બીજા પક્ષકાર તરફે :** વિ. પ્રતિનિધિશ્રી દિપકભાઈ પીપરોડીયા.

**-: આંક-૧૩ હેઠળ હુકમ :-**

(૧) સદર અરજી આ કામના બીજા પક્ષકાર યુનિયને રજૂ કરી અરજી સાથેના શીડયુલ-બી માં જણાવેલા શ્રમયોગીઓ સિવાયના બહારના કોઈ કામદારોને નોકરી પર પ્રથમ પક્ષકાર નંબર-૧ થી ૩ તથા તેમના હોદ્દેદારો અને માણસો કે પ્રથમ પક્ષકાર નંબર-૪ થી ૬ અને તેમની જગ્યાએ તેમના પછી કે અન્ય જે નવા લેબર કોન્ટ્રાક્ટરોને પ્રથમ પક્ષકાર નંબર-૧ થી ૩ રોકે તેઓ નોકરી પર લે કે રાખે નહીં તેવી શરત સામેલ કર્યા વિના કોઈ કરાર અને કોઈ કોન્ટ્રાક્ટ અન્ય કોન્ટ્રાક્ટો સાથે પ્રથમ પક્ષકાર નંબર-૧ થી ૩ કરે કરાવે નહીં તેવો દરમ્યાન મનાઈ હુકમ આપવા અને અંતિમ એવોર્ડ જાહેર ન થાય ત્યાં સુધી શીડ્યુલમાં જણાવેલા સભ્ય કામદારોની નોકરીનો અંત પ્રથમ પક્ષકાર નંબર-૧ થી ૬ આણે નહીં કે આ કામદારોને નોકરી પર ચડતા અટકાવે નહીં તથા અન્ય કોઈની ભરતી કરે કરાવે નહીં અને શીડયુલમાં જણાવેલા સભ્યો કામદારોની નોકરીની શરતોમાં ગેરકાયદેસર ફેરફાર કરે નહીં તેમજ માસો માસ નિયમિત કામદારોના પગારના ચૂકવણીમાં વિલંબ કરે નહીં તેવો જાથુકનો મનાઈ હુકમ પ્રથમ પક્ષકાર વિરુદ્ધ ફરમાવવા દાદ માંગેલી છે.

(૨) યુનિયનની આંક-૧૩ની અરજીની વિગત ટૂંકમાં એવી છે કે, શીડયુલ-બી માં જણાવેલા કામદારો પ્રથમ પક્ષકાર નંબર-૧ થી ૩માં ઘણા વર્ષોથી ખંત, પ્રમાણિકપણે અને ઈમાનદારીપૂર્વક કામ કરતા આવેલા છે અને તેઓની પ્રથમ પક્ષકાર નંબર-૧ની સંસ્થામાં જૂની નોકરી થયેલી છે. શીડયુલ-બી માં જણાવેલા કામદારો યુનિયનના સભ્ય તરીકે જોડાયેલા છે અને પ્રથમ પક્ષકાર નંબર-૧ થી ૩નાએ પ્રથમ પક્ષકાર નંબર-૪ અને ૫ ને લેબર કોન્ટ્રાક્ટ ગેરકાયદેસર રીતે આપેલ અને પ્રથમ પક્ષકાર નંબર-૪ થી ૬ને ગેરકાયદેસર લેબર કોન્ટ્રાક્ટ આપી ફક્ત ઓન પેપર ઉપર યુનિયનના

સભ્યોના નામ બતાવી તેમનું શોષણ કરવાનું ગેરકાયદેસર કૃત્ય પ્રથમ પક્ષકાર કરી રહેલા છે. શીડયુલ–બી માં જણાવેલા કામદારોનો પ્રથમ પક્ષકાર નંબર–૧ થી ૩ સાથે કામદાર માલિકનો સીધો સંબંધ સ્થાપિત ન થાય તેવા મલીન હેતુથી પ્રથમ પક્ષકાર નંબર–૪ થી ૬ને શામ અને બોગસ કોન્ટ્રાક્ટ વચેટીયા તરીકે દાખલ કરી શીડયુલ–બી નાં કામદારો કોન્ટ્રાક્ટરના કામદાર છે તેવું બતાવવાનો પ્રયત્ન પ્રથમ પક્ષકાર નંબર–૧ થી ૩એ કરેલો છે. પ્રથમ પક્ષકાર નંબર–૪ થી ૬ કોન્ટ્રાક્ટરોએ કોઈ સાચી ભૂમિકા ભજવેલી નથી. આ કામદારોનો માસિક પગાર પ્રથમ પક્ષકાર નંબર–૩ની ઓફીસમાંથી અમલદાર દ્વારા કરવામાં આવેલ છે. નોકરીમાં ફરજ પર દાખલ થયા ત્યારથી પ્રથમ પક્ષકાર નંબર–૧ થી ૩ની સંસ્થા આ કામદારોને અમુક અમુક સમયે મસ્ટર રોલ ઉપર માસિક પગારની ચુકવણી કરતા હતા અને અમુક સમયે કામદારોને કોઈ પણ જાતની સહી લીધા વિના રોકડેથી પગાર ચૂકવતા હતા અને હાલ પણ તે પદ્ધતિ ચાલુ છે. આ કામદારોને લઘુત્તમ વેતન ધારા મુજબ હાજરી કાર્ડ, પગાર ચિઠ્ઠી, હાજરી પત્રક કે પગાર પત્રક પ્રથમ પક્ષકારની સંસ્થા નિભાવતી નથી. પ્રથમ પક્ષકાર નંબર–૪ થી ૬ કોન્ટ્રાક્ટરને કોઈ દિવસ કામની જગ્યાએ શીડયુલ–બી નાં કામદારોએ જોયેલા નથી અને કોન્ટ્રાક્ટરે તેઓને કોઈ પગાર ચૂકવેલો નથી. કાયમી તથા સતત કામગીરી વાળું કામ પ્રથમ પક્ષકાર નંબર–૪ થી ૬ સાથે શામ અને બોગસ કોન્ટ્રાક્ટ ઉભો કરી પ્રથમ પક્ષકાર નંબર–૧ થી ૩ લેતા આવેલા છે. પ્રથમ પક્ષકાર નંબર–૧ થી ૩ સંસ્થાના કામદારો અને શીડયુલ–બી નાં કામદારોની લાયકાત સરખી છે તેમજ તે બંને જે કામ કરે છે તે કામ પણ સમાન તથા કાયમી પ્રકારનું અને સતત ચાલુ રહે તે પ્રકારનું છે છતાં આ કામદારો સાથે ભેદભાવ રાખી તેમને નોકરીના કાયદેસરના હકકોથી વંચિત રાખવામાં આવે છે અને ખોટા પત્રકો

બનાવી રોજમદાર કામદારોની ૨૪૦ દિવસથી ઓછી નોકરીના ખોટા પત્રકો ઉભા કરેલા છે. પ્રથમ પક્ષકાર નંબર–૧ થી ૩ની સંસ્થાના કાયમી કામદારો ન કરવા પડે તે માટે થઈને રોજમદાર કામદારોને કાયમી નોકરીના લાભો આપેલા નથી અને તેમની હાજરીની ખોટી ગણતરી કરતાં આવેલા છે તેમજ સરકારશ્રીના તા.૧૭/૧૦/૧૯૮૮ના પ્રમાણપત્રના લાભો આપવા ન પડે તે રીતે ગેરકાયદેસર રીતે કોન્ટ્રાક્ટ ઉભો કરેલો છે. લેબર કોન્ટ્રાક્ટર આ કામદારો પર કોઈ દેખરેખ કે કંટ્રોલ કરતા નથી તથા સીધી દેખરેખ, સોપણી અને કંટ્રોલ પ્રથમ પક્ષકાર નંબર–૧ થી ૩નો છે. શીડયુલ–બી નાં કામદારો પછાત, આદિવાસી અને ગરીબાઈના કારણે સામાન્ય રીતે નબળા વર્ગમાંથી આવેલા છે અને તેઓ સામાજીક, આર્થિક કે રાજકીય રીતે કોઈ વજન ધરાવતા નથી અને તેમની નોકરીની ગરજનો ગેરલાભ પ્રથમ પક્ષકાર વર્ષોથી લેતી આવેલી છે. યુનિયન દ્વારા ચાર્ટર્ડ ઓફ ડીમાન્ડ મૂકી રાહતો માંગેલ તે માંગણી અંગે આજ દિન સુધી કોઈ નિકાલ લાવેલ નથી અને પોતાની તાકાત ઉપર ખુબ મોટો ફાકો રાખી કલાકે કલાકે નોકરીમાંથી કાઢી મુકવાની અને નોકરીની શરતોમાં ગેરકાયદેસર રીતે ફેરફાર કરી શીડયુલ–બી નાં જણાવેલા કામદારોને તેમની નોકરીમાં નુકસાન થાય તે રીતે પગલાં લેવાની ધમકી આપતા ફરે છે અને યુનિયન છોડી દેવા માટે દાબ દબાણ કરે છે તેમજ નોકરીનો અંત લાવવાની ધાક ધમકી દર કલાકે આપતા રહે છે. જેથી જો માંગ્યા મુજબનો મનાઈ આપવામાં ન આવે તો આ કામદારોએ તેમની નોકરી ગુમાવવી પડે તેમ છે અને જો આ કામદારોને છૂટા કરી દે તો આ કેસ કરવાનો કોઈ હકક રહે નહીં. કેસ ચાલવામાં લાંબો સમય જાય તેમ હોઈ માંગ્યા મુજબનો મનાઈ ફરમાવવો જોઈએ. જો મનાઈ ફરમાવવામાં ન આવે તો પ્રથમ પક્ષકારની તરફેણમાં અને તેમના ફાયદામાં જાય તેમ છે જેથી માંગ્યા મુજબની દાદ

આપવા જણાવેલું છે.

અરજીની સાથે શીડયુલ–બી થી કુલ–૧૧ કામદારોના નામ તેમની નોકરીમાં જોડાયા તારીખ અને હોદ્દાનું સ્ટેટમેન્ટ રજૂ કરવામાં આવેલું છે.

(૩) પ્રથમ પક્ષકાર નંબર–૧ થી ૩ તરફે આંક–૨૩થી લેખિત જવાબ મનાઈ અરજી તથા વચગાળાની રાહત અરજીનો સંયુક્ત રીતે રજૂ કરવામાં આવેલો છે. તેમાં તેઓએ મનાઈ અરજી બાબતે જણાવેલ છે કે, સંસ્થામાં વહીવટી અને આનુષાંગિક કામગીરી અંગે પ્રવર્તમાન સરકારી ધારા ધોરણ અને નિયમોનુસાર જાહેર ટેન્ડર પ્રક્રિયા હાથ ધરીને જે તે ઈજારદાર(કોન્ટ્રાક્ટર)ને કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયા કાયદાકીય જોગવાઈઓ અને કરારની શરતોને આધીન હોઈ અરજદાર કામદારોની નોકરીની શરતોમાં કોઈ પણ પ્રકારનો ગેરકાયદેસર અને એકપક્ષીય ફેરફાર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. શીડયુલ–બી નાં કામદારોને પ્રથમ પક્ષકાર નંબર–૧ થી ૩નાએ ક્યારેય કોઈ સીધી નિમણૂંક આપેલી નથી અને તેઓ સંસ્થાના સીધા કામદાર નથી. તેઓ અને શીડયુલ–બી નાં કામદાર વચ્ચે કામદાર માલિકના સંબંધ કાયદાની દ્રષ્ટિએ પ્રસ્થાપિત થયેલા નથી. આ કામદારોને જે તે સમયના પ્રવર્તમાન કોન્ટ્રાક્ટર દ્વારા નિયમિત પગારની ચુકવણી કરવામાં આવે છે અને તેઓ કોન્ટ્રાક્ટરના કામદારો છે. આ કામદારોને નોકરીમાંથી મુક્ત કરવા, નોકરી પર ચડતા અટકાવવા કે તેમની જગ્યાએ અન્ય વ્યક્તિઓની ભરતી કરવા બાબતની કાનૂની જવાબદારી કે ક્ષેત્રાધિકાર સંસ્થા હસ્તક આવતો નથી. જેથી પ્રથમ પક્ષકાર નંબર–૧ વિરુદ્ધ કોઈ દાદ માંગી શકાય નહીં. શીડયુલમાં સમાવિષ્ટ કામદારો કોન્ટ્રાક્ટર દ્વારા નોકરીમાં ચાલુ છે અને ભવિષ્યમાં જો નવી ટેન્ડર પ્રક્રિયા દ્વારા નવા ઈજારદાર સાથે કરાર કરવામાં

આવે તો સદર કેસમાં સમાવિષ્ટ કામદારોને ઈજારદાર દ્વારા નોકરીમાં ચાલુ રાખવામાં આવે તો તે સામે પ્રથમ પક્ષકારોને કોઈ વાંધો રહેશે નહીં તેમ જણાવેલું છે. પ્રથમ પક્ષકાર નંબર–૪ થી ૬ને રજી.એ.ડી.થી નોટિસ મોકલવામાં આવેલી છે. તેઓ તરફે કોઈ જવાબ રજૂ ન થતા તેમનો જવાબનો હકક આંક–૧૮ હેઠળ હુકમ કરી બંધ કરવામાં આવેલો છે.

**(૪)** બીજા પક્ષકાર તરફે વિ.પ્રતિનિધિશ્રી દિપકભાઈ પીપરોડીયાએ અને પ્રથમ પક્ષકાર નંબર–૧ થી ૩ તરફે તેમના વિ.વ.શ્રી સી.જે. બારોટે મૌખીક દલીલો કરેલી છે. પ્રથમ પક્ષકાર નંબર–૪ થી ૬ તરફે દલીલો માટે કોઈ હાજર રહેલા નથી.

**(૫)** દલીલો ધ્યાને લીધી. રેકર્ડ વંચાણે લીધું. મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા:–**

**(૧)** શું બીજા પક્ષકાર તરફે આંક–૧૩થી માંગેલ દાદ મંજુર કરવી જોઈએ ?

**(૨)** શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

**(૧)** અંશત: હકારમાં.

**(૨)** આખરી હુકમ મુજબ.

**(૭)** મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**(એ)** આ કામે રેકર્ડ જોતાં આ કામના બીજા પક્ષકાર યુનિયને શીડયુલ–બી નાં જણાવેલા ૧૧ કામદારો સંદર્ભે ડીમાન્ડ ઉપસ્થિત કરેલ જે અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના ઉપસચિવ દ્વારા અત્રેની કોર્ટમાં રેફરન્સ ન્યાય નિર્ણય અર્થે મોકલવામાં આવેલો છે. સદર રેફરન્સમાં શીડ્યુલના કામદારોને નોકરીમાં દાખલ થયા તારીખથી લઘુત્તમ વેતન ધારા મુજબ વેતન અને લાભો

ચૂકવી આપવા જોઈએ કે કેમ? શીડ્યુલના કામદારોને પ્રથમ પક્ષકાર નંબર–૧ થી ૩ના કામદારો શામ અને બોગસ લેબર કોન્ટ્રાક્ટના કામદારોના બદલે જાહેર કરી તેઓને કાયમી કર્મચારી ગણી તા.૧૭/૧૦/૧૯૮૮ના લાભો નોકરીમાં દાખલ થયા તારીખથી ચૂકવી આપવા જોઈએ કે કેમ? સદર કામદારોને તેમના બેંક એકાઉન્ટમાં એકાઉન્ટ પેઈ ચેકથી દર માસનો પગાર જમા કરાવવો જોઈએ કે કેમ? અને આ રોજમદાર કામદારોને ડીમાન્ડ રેફરન્સનો ન્યાય નિર્ણય ન થાય ત્યાં સુધી છૂટા કરવા કરાવવા નહીં તથા તેમની નોકરીનો અંત લાવવો નહીં અને તેમને કામ પર ચડતા અટકાવવા નહીં તથા તેમની જગ્યાએ અન્ય કોઈ કામદારની ભરતી કરાવવી નહીં તેમજ તેમની નોકરીની શરતોમાં ગેરકાયદેસર ફેરફાર કરવો નહીં અને માસો માસ નિયમિત આ રોજમદાર કામદારોને પગારની ચુકવણીમાં વિલંબ કરવો નહીં કે અટકાવવો નહીં તે માંગણીના ન્યાય નિર્ણય માટે જણાવવામાં આવેલું છે. બીજા પક્ષકાર યુનિયને આંક–૧૨થી નિવેદન રજૂ કરી તેઓની માંગણીઓનું જસ્ટીફીકેશન રજૂ કરેલ છે અને કામદારોને માત્ર પેપર અરેન્જમેન્ટ કરી રાખેલા છે અને કદી આ કોન્ટ્રાક્ટરોને કામદારોએ કામ પર જોયેલા નથી કે આ કોન્ટ્રાક્ટરોએ કામદારોને કોઈ પગાર ચૂકવેલો નથી જેથી લેબર કોન્ટ્રાક્ટ શામ બોગસ અને ગેરકાયદેસરનો ઠરાવી કાયમી કામદારો પ્રથમ પક્ષકાર નંબર–૧ થી ૩ના ગણી તે મુજબના લાભો અને હકકો આપવા બાબતે રજૂઆત કરેલી છે.

**(બી)** પ્રથમ પક્ષકાર નંબર–૧ થી ૩નાએ યુનિયનના નિવેદનનો આંક–૨૨થી જવાબ રજૂ કરી સંસ્થા દ્વારા સરકારી ધારા ધોરણ મુજબ ટેન્ડર બહાર પાડી કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે અને શીડયુલ–બી નાં કામદારોને ક્યારેય તેમને નિમણૂંક આપેલ નથી, તેઓ સંસ્થાના કામદાર નથી, બોગસ

કોન્ટ્રાક્ટની જે રજૂઆત છે તે ખરી નથી. સંસ્થાએ કોન્ટ્રાક્ટર સાથે કરેલ કોન્ટ્રાક્ટમાં લઘુત્તમ વેતન ધારાની શરતો સાથે કોન્ટ્રાક્ટ આપેલો છે આ કામદારોની પગારચીઠ્ઠી, હાજરી પત્રક કે પગાર પત્રક પ્રથમ પક્ષકાર નંબર–૧ થી ૩ નિભાવતા નથી અને તેમના કામદાર ન હોવાથી કામદારોને નિમણૂંક પત્રક, ઓળખ પત્રક આપેલ નથી. સરકારશ્રીના ટેન્ડર પદ્ધતિથી જે તે કામના કોન્ટ્રાક્ટરની નિમણૂંક કરવામાં આવે છે. એટલે કે, જે કોન્ટ્રાક્ટરનું ટેન્ડર પાસ થાય તેને જ કોન્ટ્રાક્ટ મળે છે. આ કોન્ટ્રાક્ટરોને તમામ કામદારોને વેતન બેંક દ્વારા ચૂકવવું તેવી તાકેદની સૂચના આપેલી છે અને તેમની જાણકારી મુજબ દરેક કોન્ટ્રાક્ટરો તેમના કામદારોને સુચના મુજબ બેંક દ્વારા વેતન ચૂકવે છે જેથી તેમના વિરુદ્ધની દાદ રદ કરવા જણાવેલું છે.

**(સી)** પક્ષકારોના પક્ષ નિવેદનને ધ્યાને રાખી રેકર્ડ જોઈએ તો આ કામના શીડયુલ–બી માં જણાવેલા કામદારો વર્ષ–૨૦૦૭, ૨૦૦૮ અને ૨૦૦૯થી પ્રથમ પક્ષકાર નંબર–૧ થી ૩ને ત્યાં જુદા–જુદા કોન્ટ્રાક્ટર મારફતે કામ કરતા હતા તેવું પ્રથમદર્શનીય રીતે ફલિત થાય છે. પ્રથમ પક્ષકાર નંબર–૧ થી ૩ની મુખ્ય તકરાર એવી છે કે, તેઓ અને બીજા પક્ષકાર સંબંધિત શ્રમયોગીઓ વચ્ચે કામદાર માલિકના સંબંધ સ્થાપિત થયેલા નથી અને આ શ્રમયોગીઓ જુદા–જુદા કોન્ટ્રાક્ટરોના કામદાર તરીકે કામ કરતા આવેલા છે જેથી તેમના વિરુદ્ધની દાદ રદ કરવી જોઈએ. બીજા પક્ષકાર દ્વારા સદર અરજી ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૧૦(૪) અન્વયે કરવામાં આવેલી જે નીચે મુજબ છે.

**કલમ–૧૦(૪):–**

આ કલમ હેઠળ (કોઈ મજૂર કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા રાષ્ટ્રીય ટ્રિબ્યુનલને) કોઈ ઔદ્યોગિક તકરાર મોકલવાના હુકમમાં અથવા પછીના

કોઈ હુકમમાં સમુચિત સરકારે ન્યાય નિર્ણય માટે તકરાર મુદ્દા નિર્દિષ્ટ કરેલ હોય ત્યારે, (યથાપ્રસંગ, મજૂર કોર્ટ, ટ્રિબ્યુનલે અથવા રાષ્ટ્રીય ટ્રિબ્યુનલે) તે મુદ્દા અને તેને આનુષંગિક બાબતોનો જ ન્યાયનિર્ણય કરવાનો રહેશે.

સદર કલમ જોતા સમુચિત સરકાર દ્વારા ન્યાય નિર્ણય માટે મોકલવામાં આવેલ ઔદ્યોગિક તકરારના મુદ્દાઓની સાથે-સાથે સદર ઔદ્યોગિક તકરારને આનુષાંગિક બાબતોનો ન્યાય નિર્ણય પણ કોર્ટે કરવાનો રહે છે. જેથી બીજા પક્ષકાર દ્વારા માંગવામાં આવેલી આ અરજી અન્વયેની દાદ અત્રેની કોર્ટને મોકલવામાં આવેલ અનુસૂચીથી જણાવેલ ઔદ્યોગિક તકરારને આનુષાંગિક છે કે કેમ? તે બાબત પ્રથમ જોવાની રહે છે. આ કામે બીજા પક્ષકાર સંબંધિત કામદારો પ્રથમ પક્ષકાર સંસ્થામાં લાંબા સમયથી જુદા-જુદા કોન્ટ્રાક્ટરો મારફતે કામ કરતા આવેલા છે. આ કામદારો પ્રથમ પક્ષકાર નંબર-૧ના સીધા કામદારો છે કે કેમ? અને પ્રથમ પક્ષકાર નંબર-૧ થી ૩નાએ કોન્ટ્રાક્ટરને આપેલ કોન્ટ્રાક્ટ આભાસી, બોગસ કે માત્ર પેપર અરેન્જમેન્ટ છે કે કેમ? તે બાબતનો ન્યાય નિર્ણય કરવા માટેનો વિવાદ અત્રેની કોર્ટને સોંપવામાં આવેલો છે. તદુપરાંત સદર સંબંધિત શ્રમયોગીઓને મજૂર કાયદા મુજબ મળવાપાત્ર થતા લાભો અને દસ્તાવેજો આપવા કે કેમ? તેનો પણ ન્યાય નિર્ણય કરવાનો રહે છે. જેથી બીજા પક્ષકાર સંબંધિત શ્રમયોગીઓને કામ પરથી છૂટા કરે નહીં કે તેઓની નોકરીની શરતોમાં કોઈ ફેરફાર પ્રથમ પક્ષકાર કરે નહીં તે બાબતે માંગેલ દાદ અત્રેની કોર્ટને મોકલવામાં આવેલ ઔદ્યોગિક તકરારને આનુષાંગિક બાબત બને છે જેથી તેનો નિર્ણય અત્રેની કોર્ટ કરી શકે છે.

કલમ-૧૦(૪) અન્વયે માંગેલ દાદના ન્યાય નિર્ણય માટે પ્રથમદર્શનીય કેસ, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને નાણાથી ભરપાઈ નહીં

થઈ શકે તેવું નુકસાન આ ત્રણ બાબતોને જોવાની રહે છે. બીજા પક્ષકાર સંબંધિત શ્રમયોગીઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં વર્ષોથી કામગીરી કરી રહેલા છે અને તેઓ પ્રથમ પક્ષકાર નંબર–૧ થી ૩ની કામગીરીમાં સંકળાયેલા છે તેને ધ્યાને લેતા અને તેમની કામગીરી ઉપર ખરેખર સુપરવીઝન અને કંટ્રોલ કોનો છે તથા પ્રથમ પક્ષકાર નંબર–૧ થી ૩ અને કોન્ટ્રાકટરો વચ્ચે થયેલ કરાર આભાસી, પેપર અરેન્જમેન્ટ પ્રકારનો તો નથી ને? તે બાબત પડેલા પુરાવા આધારે નક્કી કરવાની રહે છે. પણ, તે બાબત નક્કી થાય તે દરમ્યાન જો સંબંધિત શ્રમયોગીઓને છૂટા કરી દેવામાં આવે કે તેમની નોકરીની શરતોમાં ફેરફાર કરવામાં આવે તો તેઓને વિપરીત અસર થાય તેમ છે અને તેઓ દ્વારા કરવામાં આવેલ આ ડીમાન્ડ રેફરન્સ નિરર્થક બની જાય તેમ છે. જ્યારે જો સદર સંબંધિત કામદારોને કામ પર ચાલુ રાખવા હુકમ કરવામાં આવે તો લાંબી નોકરી પછી પણ કામદારોને વિના કારણે બેકાર બનવું ન પડે અને પ્રથમ પક્ષકાર નંબર–૧ થી ૩ને કામગીરીનો અનુભવ ધરાવતા કામદારોની સેવાનો લાભ મળે અને તેઓને શીડયુલ–બી નાં કામદારોને કામ પર ચાલુ રાખવાના કારણે કોઈ નુકસાન જાય તેમ નથી જેથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ બીજા પક્ષકારની તરફેણમાં છે. કામદારોને લાંબી નોકરી પછી છૂટા કરવામાં આવે તો તેમને નાણાંથી બદલો ન વડે તેવું નુકસાન જાય તેમ છે અને તેઓનો કેસ ઇન્ફકચ્યુઅસ બની જાય તેમ છે. ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૩૩ મુજબ કોર્ટમાં કાર્યવાહી પેન્ડીંગ હોય તે દરમ્યાન સંસ્થા સંબંધીત કામદારોની નોકરીની શરતોમાં કોઈ ફેરફાર સદર કલમમાં જણાવેલ બાબતો અંગે કાર્યવાહી કર્યા સિવાય કરી શકે નહીં. કામદારો ખરેખર કોના કામદારો છે તે બાબત વિવાદીત છે. પણ, જો રેફરન્સ કેસમાં આખરી હુકમ યુનિયનની તરફેણમાં થાય તો શ્રમયોગીઓને નાણાંથી બદલો ન વડે તેવું

નુકસાન આ તબક્કે તેમને છૂટા કરી દેવામાં આવે તો થાય તેમ છે જેથી ઈરીપેરેબલ લોસની બાબત પણ યુનિયનની તરફેણમાં છે. જેથી પ્રથમ પક્ષકાર નંબર–૧ થી ૩ને કલમ–૩૩ મુજબ સંબંધિત કામદારોની નોકરીની શરતોમાં ફેરફાર કરવાની સત્તા આ તબક્કે મળતી ન હોઈ પણ શ્રમયોગીઓને છૂટા કરવા સામે મનાઈ હુકમ આપવા હુકમ કરવો વ્યાજબી જણાય છે.

(ડી) આ કામે બીજા પક્ષકાર તરફે શીડયુલ–બી નાં કામદારોને પગારની ચુકવણીમાં પ્રથમ પક્ષકાર વિલંબ કરે નહીં તેવો મનાઈ માંગેલ છે. પણ, પેમેન્ટ ઓફ વેજીસ એક્ટ અન્વયે તેમજ ઔદ્યોગિક વિવાદ ધારો/ઇન્ડસ્ટ્રીયલ રીલેશન કોડ–૨૦૨૦ અન્વયે પગારમાં વિલંબ કે કપાત બાબતે યુનિયન પગલાં ભરી શકે તેમ છે અને સદર મનાઈ ન આપવામાં આવે તો તેઓને નાણાંથી ભરપાઈ થઈ શકે નહીં તેવું નુકસાન જાય તેમ ન હોઈ તે બાબતે મનાઈ હુકમ આપવો યોગ્ય જણાતો નથી. પ્રથમ પક્ષકાર નંબર–૧ થી ૩ દ્વારા મનાઈ અરજીના લેખિત જવાબમાં નવા કોન્ટ્રાક્ટરો શીડ્યુલ–બી નાં કામદારોને નોકરીમાં ચાલુ રાખે તો તેમને કોઈ વાંધો ન હોવાનું જણાવેલ હોઈ ઉપરોક્ત ચર્ચા કરેલ છે તેને લક્ષમાં લેતાં મુદ્દા નંબર–૧નો જવાબ અંશત: હકારમાં આપવામાં આવે છે.

(ઈ) આ તબકકે **નામદાર ગુજરાત હાઈકોર્ટે દિલ્હી પબ્લીક સ્કુલ, સુરત વિ. સ્ટેટ ઓફ ગુજરાત અને બીજા**[1]ના કેસમાં આપેલ ચુકાદો ધ્યાને લેવો અસ્થાને નહી ગણાય. સદર ચુકાદાને વંચાણે લેતાં દિલ્હી પબ્લીક સ્કુલ દ્વારા મહેન્દ્ર ટ્રાવેલ્સને તા.૦૧/૦૩/૨૦૧૦ના રોજથી સ્કુલની બસોમાં ડ્રાયવર અને કંડકટર તરીકે માણસો પુરા પડવા માટે કોન્ટ્રાકટ આપવામાં આવેલો. તા.૦૧/૦૩/૨૦૧૦ અગાઉથી ડ્રાયવર કંડકટર તરીકે યુનિયનના સંબંધિત કામદારો દિલ્હી પબ્લીક સ્કુલ (ડી.પી.એસ.), સુરતમાં કામ કરતા હતા.

1 **2013 (3) GLR 1908**

યુનિયન ધ્વારા તેઓના સંબંધિત કામદારોને તેમના કાયદેસરના લેણાં જુદા–જુદા મજુર કાયદા અન્વયે મળવાપાત્ર થાય છે તે ચુકવી આપવા અંગે ડીમાન્ડ ઉપસ્થિત કરવામાં આવેલી. જેનો ન્યાય નિર્ણય માટે રેફરન્સ ઔદ્યોગિક ટ્રીબ્યુનલ, સુરતને મોકલવામાં આવેલ. ઔદ્યોગિક ટ્રીબ્યુનલ, સુરતે યુનિયન તરફે થયેલ ઈન્ટ્રીમ રીલીફ માટેની થયેલી અરજીમાં સ્ટેટસ કો જાળવી રાખવાનો હુકમ કરેલો. જેથી રેફરન્સ ઓર્ડર અને ઔદ્યોગિક ન્યાય પંચના ઈન્ટ્રીમ ઓર્ડરને ડી.પી.એસ., સુરતનાએ નામદાર હાઈકોર્ટ સમક્ષ રેફરન્સ કાયદા મુજબ નથી અને ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલને યુનિયનના સંબંધિત કામદારોને વચગાળાનું રક્ષણ આપવાનો હુકમ કરવાની કોઈ સત્તા જયાં સુધી રેફરન્સનો ન્યાય નિર્ણય ન થાય ત્યાં સુધી મળતી નથી તેમ જણાવી પડકારવામાં આવેલ. નામદાર હાઈકોર્ટે શ્રમયોગીઓ તા.૦૧/૦૩/૨૦૧૦ પહેલાથી સંસ્થામાં કામ કરતા હતા અને કામદારોને તેમના કાયદેસરના લેણાં માંગ્યા ત્યારથી ડી.પી.એસ., સુરતે મહેન્દ્ર ટ્રાવેલ્સ સાથે કોન્ટ્રાકટ કરેલો તેને ધ્યાને રાખી અને **નામદાર સુપ્રીમ કોર્ટે ભીલવાળા દુધ ઉત્પાદક સહકારી સંઘ લી. વિ. વીનોદકુમાર શર્માના કાયદેસરના વારસો અને બીજા**[2]ના કેસમાં આપેલ ચુકાદાના પેરા–૪ થી ૬થી જણાવેલ નીચે મુજબની બાબતને લક્ષમાં લઈ ઔદ્યોગિક ન્યાય પંચના હુકમને કાયમ રાખેલો છે.

4. In order to avoid their liability under various labour statutes employers are very often resorting to subterfuge by trying to show that their employees are, in fact, the employees of a contractor. It is high time that this subterfuge must come to an end.

5. Labour statutes were meant to protect the employees/workmen because it was realized that the employers and the employees are not on an equal bargaining position. Hence, protection of employees was required so that they may not be exploited. However, this new technique of subterfuge has been adopted by some employers in recent years in order to deny the rights of the workmen under various labour statutes by showing that the concerned

---

2 **AIR 2011 (SC) 3546**

workmen are not their employees but are the employees/workmen of a contractor, or that they are merely daily wage or short term or casual employees when in fact they are doing the work of regular employees.
6. This Court cannot countenance such practices any more. Globalization/ liberalization in the name of growth cannot be at the human cost of exploitation of workers.

આ કેસમાં પણ બીજા પક્ષકાર યુનિયન દ્વારા કેસના સંબંધિત કામદારોને મજુર કાયદા મુજબ ચુકવવા પાત્ર થતા લાભો અને દસ્તાવેજો આપવા માટે તેમજ પ્રથમ પક્ષકાર નંબર-૧ થી ૩ના કામદારો તરીકે સંબંધિત કામદારોને ઠરાવવા માટે ડીમાન્ડ ઉપસ્થિત કરવામાં આવેલી છે. સંબંધિત શ્રમયોગીઓ સન-૨૦૦૭, ૨૦૦૮ અને ૨૦૦૯થી સંસ્થામાં ફરજ બજાવતા આવેલા છે. જેથી લાંબા સમયથી તેઓ પ્રથમ પક્ષકાર નંબર-૧ થી ૩માં ફરજ બજાવે છે તેથી તેઓને પ્રથમ પક્ષકાર દ્વારા છુટા કરે નહી અને નવા કોન્ટ્રાકટરો આવે તો પણ તેઓને કામ પર ચાલુ રાખવામાં આવે તે બાબતે હુકમ કરવો વ્યાજબી જણાય છે.

(૮) જેથી કેસનું રેકર્ડ તથા કાયદાની પરિસ્થિતિ લક્ષમાં લઈ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

**૧.** આથી આંક-૧૩ની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

**૨.** આથી પ્રથમ પક્ષકાર નંબર-૧ થી ૩ દ્ધારા નવા કોન્ટ્રાક્ટરને કામ આપવામાં આવે તો તેવા સંજોગોમાં હાલના વિવાદ સાથે સંકળાયેલા શીડ્યુલ-બી નાં જણાવેલા કામદારો બાબતે નવા આવનાર કોન્ટ્રાક્ટરોએ હાલના વિવાદના તમામ સંબંધિત કામદારોને તેમની નોકરીની શરતો યથાવત રાખી કામગીરી ચાલુ રાખવાની રહેશે અને સંબંધિત શ્રમયોગીઓની હાલની નોકરીની શરતોમાં કોઈ ફેરફાર પ્રથમ પક્ષકાર નંબર-૧ થી ૩ કે અન્ય નવા કોન્ટ્રાક્ટરોએ કરવાનો

રહેશે નહીં તેમજ સંબંધિત શ્રમયોગીઓને કાયદેસરની કાર્યવાહી કર્યા સિવાય છૂટા કરવા કરાવવા નહીં તેવો પ્રથમ પક્ષકાર નંબર–૧ થી ૩ વિરુદ્ધ હુકમ કરવામાં આવે છે.

3. સદર કેસ વધુ કાર્યવાહી માટે તા.૨૨/૦૯/૨૦૨૬ના રોજ રાખવામાં આવે છે.

**તારીખ: ૧૮/૦૮/૨૦૨૬.**
**સ્થળ: સુરત.**

**(દિપકકુમાર જયંતીલાલ ચૌહાણ)**
**જીજે૦૦૭૮૦**
**પ્રમુખ અધિકારી,**
**ઔદ્યોગિક ન્યાયપંચ, સુરત.**